જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસ આપી જણાવવાનું કે, સુરત ડીસ્ટ્રીકટ, શહેર સુરતનાં મોજે : અડાજણનાં રેવન્યુ સર્વે નંબર : ૬૨૫/૧+૨, ટી.પી.સ્કીમ નંબર : ૧૨ (અડાજણ) નાં ફા. પ્લોટ નંબર : ૮૫ થી નોંધાયેલી જમીન કે જેનું ક્ષેત્રફળ સુમારે ૬૯૧૨ સમ ચોરસ મીટર વાળી બીનખેતીની જમીન ઉપર બાંધવામાં આવેલ સમર્થ પાર્ક એપાર્ટમેન્ટમાં **બી–બ્લોક, ॥ શકિત ટાવર ॥** ના નામથી ઓળખાતી એપાર્ટમેન્ટમાં નવમાં માળે આવેલ ફલેટો પૈકી **ફલેટ નંબર : બી–૯૧૧** કે જેનું સુપર બિલ્ટઅપ **એરીયા ૧૦૮૫ ચોરસ ફુટ** વાળી મિલકતના માલિક **(૧) સંદીપ રામભજ ગુપ્તા, (૨) આશિષ રામભજ ગુપ્તા**ની સયુંકત માલિકી, કબજા ભોગવટા હેઠળની ચાલી આવેલ છે અને તેમના અગાઉની માલિકીનો **અસલ વેચાણ દસ્તાવેજ નંબર : ૧૦૬૬૧, તા. ૧૫–૧૦–૨૦૦૪ ના રોજની અસલ રજીસ્ટ્રેશન પાવતી યાને આર.આર.સ્લીપ** તેમના કબજા ભોગવટા માંથી ગુમ યાને ગેરવલ્લે થયેલ હોવાનું જણાવી હમો કનેથી ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. જેથી સદરહુ મિલકતમાં કોઈપણ સરકારી, ખાનગી યા સહકારી બેંક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હકક, હિત, હીસ્સો કે દરદાવો હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં હમારા નીચે જણાવેલા સરનામે દસ્તાવેજી પુરાવા સહીત લેખિતમાં જાણ કરવી. તેમ ન થતાં સદરહુ મિલકતમાં તેવો કોઈનો કોઈ લાગભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ, દરદાવો વિગેરે નથી અને હોય તો જતો કર્યો છે તેમ માની આ નોટીસની મુદ્દત વિત્યે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહીં તેની નોંધ લેવી.

(તા. ૧૧/૦૬/૨૦૨૪)

દિવ્યાંગ સી. જોષી
એડવોકેટ
ઓફિસ : ૫૦૫, સંકલ્પ કોમ્પલેક્ષ, નાનપુરા, સુરત મો. ૯૮૨૪૧૧૬૭૮૮

રાજ્યભરમાં શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર 13મી જૂનથી શરૂ થશે

ગાંધીનગરઃ રાજ્યભરમાં શાળાઓમાં નવું શૈક્ષણિક સત્ર આગામી ગુરૂવારને 13મી જૂનથી શરૂ થઈ જશે. લાંબુ વેકેશન માણ્યા બાદ હવે વિદ્યાર્થીઓ ફરીથી શાળાનો આનંદ માણશે.

રાજ્યમાં આ વખતે કાળઝાળ ગરમીને કારણે ઉનાળુ વેકેશન એક અઠવાડિયું લંબાવવા માટે રજૂઆત કરવામાં આવી હતી. પરંતુ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે, ઉનાળા વેકેશનમાં કોઈ વધારો કરાયો નથી. આગામી તા 13મી જૂનથી રાજ્યમાં શાળાઓનું નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ જશે. હવે વિદ્યાર્થીઓ પણ વેકેશનના અંતિમ તબક્કામાં હોવાથી શાળા શરૂ કરવાની સંપૂર્ણ તૈયારી તેમના દ્વારા કરી લેવામાં આવી છે. અત્રે ઉલ્લેખનીય છે કે, આ વર્ષે શાળાઓમાં એનઓસીનો મોટો પ્રશ્ન ઉપસ્થિત થયો છે જેના કારણે લાખો વિદ્યાર્થીને અસર પહોંચે તેમ છે એટલે કેટલીક અડચણ સાથે શાળાઓ શરૂ થશે.

બૅંક ઑફ ઇંડિયા Bank of India BOI

ઝોનલ ઓફિસ : ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત–૩૯૫૦૦૧

ક્લોક ટાવર શાખા માટે વૈકલ્પિક જગ્યા જોઈએ છે

અમારી ક્લોક ટાવર શાખા પરિસર માટે ભોંયતળિયાની (પ્રથમ પસંદગી) આશરે ૧૫૦૦–૨૦૦૦ ચો.ફુટ કાર્પેટ એરીયા વાળી જગ્યા હાલની શાખા ના નજીક વિસ્તાર માં લાંબા સમયની લીઝ થી જોઈએ છે. જેની વિગત અમારી વેબસાઈટ www.bankofindia.co.in ઉપર અને ઝોન ઓફિસ સુરત માંથી તા.૧૦.૦૬.૨૦૨૪ થી ૨૮.૦૬.૨૦૨૪ સુધીમાં મેળવી શકો છો. રસ ધરાવતી પાર્ટીએ તેમની ઑફર નિયત ફોર્મેટમાં તા.૨૮.૦૬.૨૦૨૪ ના રોજ અથવા તે પહેલા સાંજે ૪.૦૦ વાગ્યા સુધીમાં બંધ કવરમાં મોકલવાની રહેશે.

સુરત : ફોન : ૦૨૬૧–૨૨૭૨૮૭૮ **ડે.ઝોનલ મેનેજર,**
તા.૧૧.૦૬.૨૦૨૪ **સુરત ઝોન**

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટિસ

જિલ્લા નવસારી ના તાલુકા જલાલપોર ના મોજેઃ ગામ દાંતી મુકામે આવેલ બ્લોક નં. ૨૩૦ વાળી બિનખેતીની હે.આરે.ચો.મી. ૧૭–૮૬–૧૨ વાળી જમીનમાં **"સાંઈભૂમિ ફાર્મ"** નામથી પાડવામાં આવેલ રહેણાંક ઉપયોગી પ્લોટો પૈકી **પ્લોટ નંબરઃ ૮૧** વાળી ખુલ્લી જમીન જેના ચો.મી. ૯૭૬.૦૨ તથા લાગુ કોમન પ્લોટના ૫૫રાશી હકકો વાળી ૩૦.૦૦ ચો.મી. જમીન તથા **"સાંઈભૂમિ ફાર્મ"** ના આંતરિક રસ્તાની આશરે ૨૨૯૯૪.૯૯ ચો.મી. જમીનમાં ફાળે પડતા અવિભાજય હિસ્સાની સુમારે ૧૫૦.૨૯ તથા સી.ઓ.પી. ની વણ વહેચાયેલ હિસ્સાની સુમારે ૩૭.૬૪ ચો.મી. જમીન મળી કુલ ક્ષેત્રફળ ૧૧૯૪.૦૦ ચો.મી. જમીન વાળી મિલકત **વિદ્યાબેન દિલીપકુમાર પાટીલ** એ રજી. વેચાણ દસ્તાવેજ નંઃ ૨૨૭૧ થી તા. ૧૮/૦૪/૨૦૦૯ ના રોજ અર્જુનભાઈ શાતીલાલ પટેલ વિગેરે પાસેથી વેચાણ થી લીધેલ. રજી. વેચાણ દસ્તાવેજ નં. ૨૨૭૧/૨૦૦૯ **ની ફી રસીદ યાને આર.આર. ગુમ થયેલ છે.** મજકુર આર.આર. કોઈપણ નાણાંકીય ધિરાણ આપનારી ખાનગી કે સરકારી સંસ્થામાં અથવા કોઈ વ્યકિત પાસે જમા હોય તો તે અંગેની જાણ હમોના વકીલશ્રીને આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં લેખીત પુરાવા સહીત સુપ્રત કરવા. નહિતર મુદત વિત્યેથી મજકુર આર.આર. ગુમ થયેલ છે અને કોઈ સંસ્થામાં જમા નથી તેમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. મુદત બાદ કોઈની કોઈપણ જાતની તર–તકરાર ચાલશે નહી. તેની તમામે નોંધ લેવી.

ગીતા એન. કડીવાલા - એડવોકેટ
૨૧૮, મારવેલા બિઝનેસ હબ, ન્યુ આર ટી ઓ ની સામે, પાલ, સુરત. મો.: ૯૯૭૯૯ ૮૪૮૫૮

મોજે, રૂંઢનાં બ્લોક નંબર/સર્વે નંબર : ૨૮/૨ વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટ, સબ ડિસ્ટ્રીકટ, તા. **મજુરા**નાં મોજે ગામ : **રૂંઢ**ના રેવન્યુ સર્વે નં **૨૮/૨** વાળી ગણોત ધારા કલમ–૪૩ અન્વયે નવી શરત જમીન જેનું ક્ષેત્રફળ હેકટર આરે ૦–૪૮–૦૦ ચો.મી. છે. જેનો આકાર રૂા.૫.૨૦ પૈસા છે. સદરહું જમીનને ટી.પી.સ્કીમ નં.૨૯ (ડુંઢ–વેસુ–મગદલ્લા) લાગુ પડતાં ફાયનલ પ્લોટ નં. ૯૦ આપવામાં આવેલ છે અને ફાયનલ પ્લોટ મુજબ ક્ષેત્રફળ ૩૧૮૦ ચો.મી. થાય છે તે જમીન નવી શરત માંથી જુની શરતમાં ફેરવી પ્રિમીયમ ભરી આપવાની શરતે જમીનનાં **મુળ માલીકો ચંદુભાઈ નરસિંહભાઈ, નયનાબેન, કાંતાબેન, તારાબેન તથા મર્હુમ કનુભાઈનાં સીધીલીટીનાં વારસો રમીલાબેન, તથા મર્હુમ ભાવેશભાઈનાં વારસો પાયલબેન તથા સગીર આર્નવ તથા જીગીશાબેન તથા દિક્ષીતાબેન**નાંઓ હમારા અસીલને સદરહું જમીન વેચાણ આપવા માંગે છે અને જિલ્લા કલેકટરશ્રી પાસે પરવાનગીઓ મેળવી પ્રિમીયમની રકમ હમારા અસીલે ભરપાઈ કરીએથી હમારા અસીલને નકકી થયેલ શરતો મુજબ વેચાણ દસ્તાવેજ કરી આપવાનું નકકી કરવામાં આવેલ છે સદરહું જમીન બાબતે અન્ય કોઈપણ ઈસમ, સંસ્થા, કે વ્યકિતનો લાગ, ભાગ, હકક, હિત, હિસ્સો આવવા–જવાનું કે ખોરાકી, પોષાકીનો કે અન્ય કોઈપણ પ્રકારનો હકક હોય તો સદરહું નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭**માં અમારા અસીલ વતી હમોને લેખીત પુરાવા સહીત સંપર્ક કરવો મુદત વિત્યે કોઈનો કશા પ્રકારનો હકક કે અધિકાર નથી અને હોય તો વેવ કરેલ છે તેવું માની અમારા અસીલ મુળ જમીન માલીકો સાથે સદરહું જમીન બાબતે આગળની કાર્યવાહી કરશે જેનું આથી લાગતા વળગતા તથા જાહેરજનતા એ નોધ લેવી.

ઓફીસ : ૨૦૦૧–૦૨, શંકર પ્લાઝા, સુરત પીપલ્સ બેંકની બાજુમાં, ટીમલીયાવાડ, નાનપુરા, સુરત. મોબાઈલ.: ૯૮૨૫૧ ૩૬૭૬૫

બ્રિજેશ પ્રી. પટેલ
તે ખરીદનારના એડવોકેટ

જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ–ડીસ્ટ્રીકટ, શહેર સુરતના મોજે : લીંબાયતના રેવન્યુ સર્વે નં. ૪/૧ તથા ૬, જેનો ટી.પી.સ્કીમ નં. ૩૯(લીંબાયત) ના ફા. પ્લોટ નં. ૬ થી નોંધાયેલી બિનખેતીની જમીનમાં આયોજીત **''મહાપ્રભુ નગર–૨''** નામની સોસાયટીમાં પાડવામાં આવેલા પ્લોટો પૈકી **પ્લોટ નંબર : ૧૨૩** વાળી બાંધકામ સહિતની મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહિતની મીલકતના માલીક **ઈન્દિરાબેન મધુસુદન કોચાવાળાએ** સદરહુ મીલકત પોતાની સંયુક્ત માલીકી, કબજા, ભોગવટા, વહીવટવાળી હોવાનું જણાવી તથા અગાઉના રજી.દસ્તાવેજ નં. **૩૦૬૦** તા. **૧૯/૦૯/૧૯૭૩ (પ્લોટ નં. ૧૨૨ અને ૧૨૩)** તથા રજી. દસ્તાવેજ નં. **૫૨૦૦** તા. **૩૦/૦૫/૧૯૭૩ (પ્લોટ નંબર : ૧૨૩)** તે **અસલ રજીસ્ટ્રેશન ફીની રસીદ (આર.આર.)** ગુમ થયેલ હોવાનું જણાવી સદરહુ **પ્લોટ નંબર : ૧૨૩ વાળી મીલકત** હમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે. સદરહુ મીલકત અંગે કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, સંબધ, લાગ–ભાગ, દર–દાવો, લીયન, બોજો કે ભરણ–પોષણના હકકો કે ઈઝમેન્ટના હકકો કે અન્ય કોઈ હકકો હોય તો તે અંગેના દસ્તાવેજી પુરાવા સહીત આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ ની મુદ્દતમાં અમોને લેખીતમાં પુરાવા સહિત જાણ કરવી. આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં કોઈપણ વ્યકિત, બેંક, સોસાયટી યા નાણાંકીય સંસ્થા વિગેરેએ પોતાના હકકો કે બોજા અંગે હમોને લેખીતમાં જાણ નહી કરે તો સદરહુ મીલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો કોઈ લાગ, ભાગ, હકક, હિત, બોજો નહી હોવાનું અથવા જો હોય તો છોડી દીધા હોવાનું અનુમાન કરી હમારા અસીલ સદરહુ મીલકત અંગેનો પાકો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ મજકુર મીલકત માલીક પાસેથી કરાવી લેશ, ત્યારબાદ, સદરહુ મીલકત અંગેના કોઈપણ પ્રકારના હકક, દાવા કે વાંધાઓ કે તર–તકરાર ચાલશે નહી, જેની લાગતા–વળગતાઓએ નોંધ લેવી.

૧૦૨, મુબારક હાઉસ, શિવાજી ઇલેકટ્રોનીકસની સામે, ઝાંપા બજાર, સુરત–૩૯૫૦૦૩
મો. ૮૮૪૯૩ ૧૪૬૭૩, ૮૪૦૧૪ ૧૪૫૫૨

મનિષ એમ. મોરે
તે ખરીદનારના એડવોકેટ

તા. ચોર્યાસી, ગામઃ દેલાડવાનાં બ્લોક નં. ૨૮૦ વાળી ખેતીની જમીનનાં વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે, જીલ્લોઃ સુરત, તા. ચોર્યાસીનાં મોજે ગામઃ દેલાડવાનાં રે.સર્વે નં.૨૧૨/૨, બ્લોક નં.૨૮૦ થી નોંધાયેલી ૧–૭૧–૯૯ હે.આરે.ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી અને ખાતા નં.૭૩૫ વાળી ખેતીની જમીન તેનાં માલિકો,(૧)પરેશ ગીરધરભાઈ આહિર, (૨)મિતેશ કાંતિભાઈ આહિર તથા (૩)ચેતનભાઈ પરભુભાઈ આહિરનાં ઓએ પોતાની માલિકી અને કબજા ભોગવટા હેઠળની તથા બોજા રહિતની, ચોખ્ખા અને માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે, તેથી સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ જાતનો લાગ–ભાગ, હકક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર હોય કે સદરહુ જમીન ઉપર કોઈપણ સંસ્થા અથવા વ્યકિતની કોઈ લોન કે બોજો ચાલતો હોય કે કોઈનો ભરણપોષણનો હકક કે ઈઝમેન્ટનો અધિકાર ચાલી આવતો હોય, તો તેમણે આ નોટિસ પ્રસિધ્ધ થયેથી દિન–૭ માં જરૂરી દસ્તાવેજી પુરાવાઓ સહિત મારો સંપર્ક કરવો, અન્યથા મુદત વિત્યે સદરહુ જમીનમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો, સંબંધ કે અધિકાર નથી અને જો હોય તો તે જતો યાને વેવ કર્યો છે તેમ માની મારા અસીલ મજકુર જમીન માલિકો પાસેથી સદર ખેતીની જમીનનો રજીસ્ટર્ડ પાકો વેચાણ દસ્તાવેજ કરાવી લેશે, ત્યારબાદ, ભવિષ્યમાં કોઈની કોઈપણ તકરાર કે દાવો ચાલશે નહી. જેની આથી સર્વેએ નોંધ લેવી.

તા. ૧૧/૬/૨૦૨૪

ઓફિસ : ૨૦૪, સુંદરમ સ્કવેર, દરજી સ્ટ્રીટ, મુદિતા મીઠાઇ લેન, હિલ્સ નર્સરી સ્કુલની સામે, નાનપુરા, સુરત. મો. નં. : ૯૮૨૫૪ ૨૨૧૪૦

ધર્મેશ એ. ચપટવાલા
તે ખરીદનારનાં એડવોકેટ

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

મોજેઃ સાતેમ, તાલુકોઃ નવસારી, જીલ્લોઃ નવસારીની નીચે વિગતની જમીન અંગે ટાઈટલ સર્ટીફીકેટની માંગણી કરવામાં આવેલ છે.

ગામનું નામ	બ્લોક નંબર	હે.આરે.ચો.મી.	આકાર રૂા. પૈસા	ખાતા નંબર
સાતેમ	૬૩૫	૧–૧૯–૩૯	૨૪.૮૧	૫૭૫

ઉપરોક્ત વિગત વાળી જમીન **દક્ષાબેન તે કિશોરભાઈ હરીભાઈ પટેલની વિધવા વિગેરે** નાઓના સંયુક્ત નામે ચાલે છે. સદરહું જમીન અંગે હાલના જમીન માલીકે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટની માંગણી કરેલ છે. સબબ, આ ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસથી લાગતા–વળગતા તમામને જણાવવાનું કે સદર વર્ણન વિગત વાળી જમીનમાં કોઈપણ વ્યકિત/સંસ્થાનો લાગભાગ, હકક, હિત, હિસ્સો, અધિકાર, કબજા હકક, ગણોત હકક કે કોઈપણ પ્રકારના હકકો હોય અથવા સદર જમીન અંગે કોઈપણ પ્રકારના સાટાખત, બાનાખત કે વેચાણ સ્વરૂપના કોઈ લખાણો કે લેણાની રકમ તેમજ કોઈપણ પ્રકારના ખોરાકી પોષાકીના હકકો હોય, કોઈપણ સંસ્થાની લોન, મોરગેજ, ખેતી વિષયક લોન હોય તો પોતે તે પુરાવા પર આધાર રાખતા હોય તેવા તમામ દસ્તાવેજી પુરાવા સહિત નીચે જણાવેલ સરનામે રૂબરૂમાં હાજર રહી દિન–૭ માં જાણ કરવાની રહેશે. અન્યથા નોટીસની મુદત સુધીમાં કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ, તર–તકરાર અંગે જણાવવામાં ન આવશે તો નોટીસની મુદત વિત્યે ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે, ત્યારબાદ કોઈના કોઈપણ પ્રકારના વાંધા–વિરોધ, તર–તકરાર ચાલશે નહીં. જેની લાગતા–વળગતા તમામે નોંધ લેવી.

તા. ૧૦–૦૬–૨૦૨૪ **મારી મારફત, દિપાલી આર. પટેલ (એડવોકેટ)**
૧, ઓમ ચેમ્બર, કાલીયાવાડી, તા. જી. નવસારી. મો.: 95371 30101

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, ચોર્યાસી સબ–ડીસ્ટ્રીકટના મોજે ગામ : પાલીના રે.સ.નં.૫૬/૨, બ્લોક નં. ૫૬ થી નોંધાયેલી બિનખેતીની જમીનમાં પાડવામાં આવેલા ક્રિષ્ના નગર સોસાયટીમાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. ૮૫ તથા ૮૬ જે બંને પ્લોટનું મળી કુલ ક્ષેત્રફળઃ ૧૧૭.૦૬ ચો.મી. તથા તે મિલકતમાં ગ્રાઉન્ડ ફલોરનું બંને પ્લોટનું મળી બાંધકામનું કુલ્લે ક્ષેત્રફળ : ૪૩.૮૬ ચો.મી. વાળી મિલકત હસામુદ્દીન સરફદ્દીન અંસારી ની સ્વતંત્ર માલીકી, કબજા–ભોગવટાની ચાલી આવેલ છે. પરંતુ સદરહુ મિલકતોના અગાઉના માલિક લીલાવતીબેન ઉર્ફે લીલાબેન દોલતરાય વશીએ કમલેશભાઈ બળવંતરાય દેસાઈને પાવર ઓફ એર્ટની લખી આપેલ. તે ઓરીજીનલ પાવર ઓફ એર્ટની તેઓથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે તથા લીલાવતીબેન ઉર્ફે લીલાબેન દોલતરાય વશીના કુ.મુ. કમલેશભાઈ બળવંતરાય દેસાઈ પાસેથી પ્લોટ નં. ૮૬ વાળી મિલકત રાજેન્દ્રસિંહ રામશંકર સિંદ્રોને કરી આપેલ વેચાણ દસ્તાવેજ અનુ. નં. ૮૭૭૨, તા. ૩૧–૦૫–૨૦૦૬ (નવો નં. ૧૪૦૪૬, તા. ૦૨–૧૨–૨૦૦૬) ના રોજ નોંધાયેલ હતો તે વેચાણ દસ્તાવેજની ઓરીજીનલ રજીસ્ટ્રેશન પાવતી તેઓથી ગેરવલ્લે યાને ગુમ થયેલ છે. જેથી જાહેર જનતાને જણાવવાનું કે સદરહુ મિલકતો બાબતમાં કોઈપણ સરકારી, ખાનગી યા સહકારી બેંક, સંસ્થા યા વ્યકિતનો ચાર્જ, બોજો કે લિયન યા અન્ય કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો કે દર દાવો કે લેણુ હોય કે વેચાણ દસ્તાવેજની ઓરીજીનલ રજીસ્ટ્રેશન પાવતી તથા પાવર ઓફ એર્ટની હોય તો દિવસ–૭માં અમારી રૂબરૂ રજુ કરવુ નહિતર મુદત વિત્યે મજકુર મિલકતો ઉપર કોઈનો હક, હિત, વિ. નથી અને તમામ ટાઈટલ કલીયર છે તેમ માનીને હમારા અસીલને ટાઈટલ કલીયરન્સ સર્ટીફીકેટ આપવામાં આવશે. ત્યારબાદ કોઈની તર–તકરાર વાંધો ચાલશે નહી. જેની આથી જાહેર જનતાએ નોંધ લેવી...

ઓફિસ : ૩૧૪, ૩૧૫, કિષ્ના કોમ્પલેક્ષ, ત્રીજા માળે, સચીન સ્ટેશન, તા. ચોર્યાસી, જી. સુરત. મોબાઈલ નં. : ૯૮૨૫૨ ૭૭૬૬૦. ઓફીસ નં. : ૭૨૮૪૮ ૭૭૬૬૦. મોબાઈલ નં. : ૯૯૨૯૨ ૧૦૮૯૪.

રાજેન એન. પટેલ
શિવાની આર. પટેલ
રાહુલ સી. પટેલ
તે હસામુદ્દીન સરફદ્દીન અંસારીના એડવોકેટસ

ટાઈટલ કલીયર તેમજ વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત શહેર તાલુકો. કતારગામ,ના મોજેગામ. કતારગામ,ના રે.સ.નં.૪૫૮/૧ તથા ૪૫૯/૧/અ,ટી.પી સ્કીમ નં.૧૮(કતારગામ), એફ.પી નં.૩+૪,વાળી બિનખેતીની જમીન ઉપર આયોજીત કરવામાં આવેલ **॥ સંત જલારામનગર સોસાયટી ॥** માં આવેલ પ્લોટ/મકાન **નં.૧૬૬,વાળી મિલકત જેનો સીટીસર્વે વોડ–કતારગામ,શીટ નં.૧૪૮, ચાલતા નં.૧૧૨, જેનુ ક્ષેત્રફળ.૫૩.૩૪ ચો.મીટર છે. જેનું કુલ્લે બાંધકામ ક્ષેત્રફળ ૨૧૩.૯૪ ચો.મીટર જેનો SMC ટેનામેન્ટ નંબર.19-G-33-3775-0-001 થી 009 છે.જે સંપુર્ણ બાંધકામ સહિતની મિલકતના માલીક તરીકે : રોનક હરજીભાઈ ગાબાણી,**ના રેકર્ડ માલીકી–કબજા–ભોગવટાની તથા ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનુ જણાવી મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે.જેથી અન્ય કોઈપણ ના કબજા,બાના સોદાચિઠ્ઠી,કે લાગ–ભાગ,હકક દાવો,ભાડા પટ્ટો કે સંસ્થાનુ લીયન, હોય તો જરૂરી દસ્તાવેજો સાથે દિન–૭ (સાત) અમારો રૂબરૂ સંપર્ક કરી લેખિતમાં વાંધોઓ રજુ કરવા, નોટીસની મુદત વિત્યે કોઈપણ જાતનો વાંધો હરકત નથી, તેમજ કોઈપણ વ્યકિત, સંસ્થા કે ઈસમ કબજા હકકનો કોઈપણ પ્રકારનો હકક, હિત, હિસ્સો રાઈટ યા ટાઈટલ ઈન્ટ્રેસ્ટ નથી,અને જો હોય તો તે જતા કર્યા છે, યાને વેવ કરેલ છે.તેમ માની મારા અસીલ રજી.દસ્તાવેજો કરી–કરાવી આપશે.ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારે તર–તકરાર, દર દાવો ફરીયાદ કે કબજા હકક ગ્રાહય રહેશે નહી.તેમજ મારા અસીલની કોઈપણ જવાબદારી રહેશે નહી.જેની લાગતા વળગતાએ ખાસ નોંધ લેવી. તા.૧૦/૦૬/૨૦૨૪**

રોનક હરજીભાઈ ગાબાણી, વતી અને સુચના મુજબ

અમારી મારફત NAVADIYA ADVOCATES ASSOCIATE'S

નરેશ નાવડીયા (એડવોકેટ)
ભાવેશ નાવડીયા (એડવોકેટ)
મુકેશ નાવડીયા (એડ.રેવન્યુ એકસપર્ટ)

ઓફીસ : ૪૧૪+૪૧૫, ત્રીજોમાળ, શ્રેયસ ડાયમંડ સેન્ટર, ગીતા બેકરીની ઉપર, એમ.ડી.ટાવર સામે, વરાછા મેઈન રોડ, સુરત. મો.નં. ૯૮૯૮૯ ૬૦૪૮૪

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, સબ–ડીસ્ટ્રીકટ અડાજણ (સુરત સીટી) ના **મોજે : મોટા વરાછા** ના ગામતળમાં આવેલ **ઘર નંબર : ૮, પ્રોપટી નંબર : ૧૪૯૬/૫** થી નોંધાયે ખુલ્લા પ્લોટવાળી મિલકત જેનુ ક્ષેત્રફળ ૫૦ × ૩૮ યાને ૧૯૦૦ ચો.ફુટ યાને ૧૭૬.૧૫ ચો.મી. છે તે ખુલ્લા પ્લોટવાળી મિલકત (કે જેનો સુરત મહાનગર પાલીકા દફતરે ટેનામેન્ટ ૭૧એ–૯૧–૦૦૩૫–૦–૦૦૧) **હંસાબેન રમેશભાઈ ખાખરીયા** ના નામે, માલીકી, કબજા, ભોગવટા, વહિવટ હેઠળની તમામ પ્રકારના દાવાઓથી મુકત, માર્કેટેબલ અને કલીયર ટાઇટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી, મારા અસીલને વેચાણથી આપવાનું નકકી કરેલ છે, જેથી સદરહુ જમીન મિલકત બાબતે કોઈ વ્યકિત, બેન્ક યા સંસ્થાનાં લાગભાગ, હકક, હિત, કબજો, સોદાચિઠ્ઠી, દર–દાવા, લીયન, ચાર્જ, લેણાં, ગણોત–હકક, ખોરાકી હકક, ભરણપોષણનાં હકક, ઈઝમેન્ટનાં હકક યા વેચાણ વિરૂધ્ધ વાંધા હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયેથી **દિન–૭** માં હમોને આધારભુત પુરાવા સહિત લેખિતમાં જાણ કરી, ખાત્રી કરાવવી, જો તેમ કરવામાં કસુર યા ચુક થશે તો સદરહુ જમીન મિલકતમાં કોઇના કોઇપણ પ્રકારના હકક, હિત, સંબંધ યા અધિકાર નથી અને હોય તો તે મારા અસીલની તરફેણમાં જતા યાને વેવ કર્યા છે તેમ માની મારા અસીલ મુદત વિત્યેથી વેચાણ અંગેના જરૂરી દસ્તાવેજી લખાણો કરાવી લેશે અને ત્યારબાદ ભવિષ્યમાં કોઈની તર–તકરાર યા વાંધો ચાલશે નહિ જેની જાહેર જનતાએ નોંધ લેવી.

ઓફિસ : ૩૦૨૫, ત્રીજો માળ, સેન્ટ્રલ બજાર, વરાછા પોલીસ સ્ટેશનની સામે, મીની બજાર, વરાછા રોડ, સુરત

પરેશ ડી. શેલડીયા
તે ખરીદનારના એડવોકેટ

વેચાણ અંગેની જાહેર નોટીસ

સુરત ડિસ્ટ્રીકટના, શહેર સુરતના ઉધના મગદલ્લા રોડના વિસ્તારમાં આવેલ, **મોજે અલથાણ**ના રેવન્યુ સરવે નંબર ૬૮, બ્લોક નંબર ૮૭, ટી. પી. સ્કીમ નંબર ૩૬, ફાયનલ પ્લોટ નંબર ૪૪ થી નોંધાયેલ **જીવીબા પાર્ક**ના નામથી ઓળખાતી જમીનમાં પાડવામાં આવેલાં પ્લોટો પૈકી નીચે જણાવેલ પ્લોટ નંબરવાળી જમીન તથા તે ઉપર કરવામાં આવેલ બાંધકામ સહિતની જમીન અમલા ઈમારત સહિતની મિલકત તેના નીચે જણાવેલ માલિકોએ મારા અસીલને તમામ બોજા રહિત તથા પ્રત્યક્ષ કબજા સહિત વેચાણ આપવા નકકી કરેલ છે.

માલિકનું નામ	પ્લોટ નંબર	પ્લોટનું ક્ષેત્રફળ સ.ચો.મી.
પ્રફુલભાઈ પોપટભાઈ રીબડીયા	૪૧	૮૩.૬૧
	૪૨	૯૧.૧૩.૪૯
રેખાબેન પ્રફુલભાઈ રીબડીયા	૪૩	૯૬.૧૫.૧૫
	૪૪	૮૩.૬૧

મજકુર વેચાણના વહેવાર સામે કોઈને વાંધો હોય કે મજકુર મિલકત પર કોઈપણ વ્યકિત, સંસ્થા કે બેન્કના કોઈપણ પ્રકારના હક, હિત, હિસ્સો, લાગ–ભાગ, દર–દાવો, હિત–સંબંધ, કલેઈમ, લેણું, ચાર્જ, બોજો લીઅન, ઈઝમેન્ટ, સાટાખત કે સમજુતી રૂએના હક વગેરે હોય તો આ નોટીસની પ્રસિધ્ધીથી દિન–૭ માં નીચે સહિ કરનારને તે અંગે લેખીતમાં પુરાવા સહિત જાણ કરવી. મુદત વીત્યે કોઈના કોઈપણ પ્રકારના હક નથી અને હોય તો તે છોડી દીધાં છે તેમ ગણી મારા અસીલ ઉપરોકત માલિક પાસે વેચાણ દસ્તાવેજ કરાવી લેશે. મુદત બાદની તકરાર ધ્યાને લેવાશે નહિ કે મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ તેની લાગતાં વળગતા સરવેએ નોંધ લેવી.

સુરેશ સાદકવાલા, કશ્યપ એસ. સાદકવાલા
તે ખરીદનારના એડવોકેટસ્
૧૨૪–૧૨૫–૧૨૬, સીગાપુરી વાડી, સલાબતપુરા, સુરત.

ડીસ્ટ્રીકટ સુરત, સીટી સર્વે ઓફીસ ઓલપાડ, વોર્ડ સેગવાછામા (બિનખેતી) સીટી સર્વે નં. NA426 વાળી જમીનની વેચાણ અંગેની જાહેર નોટીસ

આ જાહેર નોટીસ દ્વારા આથી જણાવવાનું કે, ડીસ્ટ્રીકટ ઓલપાડના મોજે ગામ સેગવાછામા માં આવેલ સર્વે નં. ૧૭૫/૧, ૨, ૩, ૧૭૫/૫, પૈકી, જેનો બ્લોક નં. ૪૨૬ કે જેનું ૭/૧૨ મુજબનું ક્ષેત્રફળ હે.આરે. ૧–૨૩–૪૩ ચો.મી. વાળી જમીનને બિનખેતીમાં તબદીલી થતા **ડીસ્ટ્રીકટ સુરત, સીટી સર્વે ઓફીસ ઓલપાડ, વોર્ડ સેગવાછામા (બિનખેતી), શીટ નં. NA99, સીટી સર્વે નં. NA426 કે જેનુ ક્ષેત્રફળ ૧૨૩૪૩ ચો.મી. વાળી બિનખેતીની જમીન** તથા તેને લાગતા વળગતા અંદરના તથા બહારના તમામ હકકો સહીતની જમીન **ભરતભાઈ દેવશીભાઈ પડસાળાએ** પોતાની સંપુર્ણ સ્વતંત્ર માલિકી, કબજા ભોગવટાની ચાલી આવેલ હોવાનું જણાવી, તે જમીન નબોજી, નકરજી, ચોખ્ખે–ચોખ્ખા માર્કેટેબલ ટાઈટલવાળી હોવાનું અને સદરહુ જમીનમાં અન્ય કોઈનો કોઈપણ જાતનો હકક, હિત, હિસ્સો, લાગભાગ, દરદાવો, ક